**<u>ફો.પ.અરજ નં.૩૩/૨૦૨૫ ના કામે આંક-૧ લગત હુકમ</u>**

**(૧)** આ કામના અરજદાર હિરાણી અંજની મનીષભાઈનાઓએ હાલની અરજી ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન અધિનિયમ ૧૯૭૪ ના પ્રબંધો હેઠળ નિયમ ૧૨(ક) અને ૧, ૬ અને ૭ મુજબની જોગવાઈ હેઠળ દાખલ કરી એવી રજૂઆત કરેલ છે કે, અરજદારે સેન્ટ ઝેવીયર્સ સ્કુલમાં કે.જી. થી હાઈસ્કુલ સુધી અભ્યાસ કરેલ છે અને સ્કુલમાં દાખલ કરાવતી વખતે તેમનું નામ ''હીરાણી અંજની મનીષ'' એમ લખાવેલ હતું તે સમયે તેણી સગીર વયની હતી અને તેઓની અટક હીરાણી છે અને પેટા અટક વાગડીયા છે તેમજ તેણીના પિતાજીનું નામ મનીષ ઉર્ફે મનજી છે. આથી તેઓને તેમનું નામ ''હીરાણી અંજની મનીષ'' માંથી ''વાગડીયા અંજની મનજી '' એવો સુધારો કરાવવા હાલની અરજી કરેલ છે. વધુમાં અરજદારે જણાવેલ છે કે, તેઓએ આ કામના સામાવાળાઓને તેઓના નામમાં સુધારો કરવા સંબંધે અરજી કરેલ હતી પરંતુ સામાવાળઓએ અરજી મુજબ સુધારો કરી આપેલ ન હોય તેઓને હાલની અરજી કરી તેઓના નામમાં સુધારો કરવા રજુઆત કરેલ છે.

(૨) આ કામે અરજદાર તરફે આંક-૨૦ થી પુરાવાની એફીડેવીટ રજુ થયેલ છે જેમાં તેઓએ તેમની અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ છે.

(૩) આ કામે અરજદાર દવારા સામાવાળાઓને કરવામાં આવેલ રજી.એ.ડીની પાવતી આ કામે માર્ક ૧૨/૧ થી રજુ થયેલ છે તથા ઓનલાઈન ટ્રેકીગ રીપોર્ટ માર્ક ૧૨/૨ થી રજુ કરેલ છે. વધુમાં આ કામે અરજદાર દવારા તેઓએ તેમની શાળામાં નામ સુધારવા માટે કરેલ અરજી,

જન્મ પ્રમાણપત્રની નકલ, ડ્રાયવીંગ લાયસન્સની નકલ, ચુંટણી કાર્ડ, રાશન કાર્ડ, અરજદારના પિતાના આધાર કાર્ડની નકલ, અરજદારના પાનકાર્ડની નકલ, અરજદારના પિતાના મતદાન કાર્ડની નકલ, અરજદારના પિતાના સ્કુલ લીવીંગ સર્ટી. ની નકલ, અરજદારાના પિતાના જન્મપ્રમાણપત્રની નકલ, અરજદારના પિતાના પાસપોર્ટની નકલ રજુ કરેલ છે.

(૪) આ કામે અરજદારના વિ.વ.શ્રી દવારા ફો.પ.અરજી ન.૧૪૩/૨૦૧૬ ના ચુકાદાની નકલ રજુ થયેલ છે જે જોતાં સદર કેસમાં દતક ગ્રહણ કરાયા બાદ પિતાનું નામ તથા અટક બદલવામાં આવેલ છે જે સત્તા અદાલતને હોય સદર પરચુરણ અરજી મંજુર કરવામા આવેલ છે. તે જ રીતે ભાવનગર કોર્ટના ફો.પ.અરજી નં.૩૬/૧૩ ના ચુકાદાની નકલ રજુ થયેલ છે જેમાં અરજદારની જન્મ તારીખ સુધારવાની અરજી કરવામાં આવેલ છે જે સુધારો કરવાની સત્તા અદાલતને હોય તે પરચુરણ અરજી મંજુર કરવામાં આવેલ છે. વધુમાં, શિક્ષણ વિભાગના ઠરાવની નકલ રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે તથા અંજાર કોર્ટના ફો.પ.અરજી નં.૮૬૧/૨૫ વાળાની જાહેર નોટિસ જે દૈનિક વર્તમાનપત્રમાં રજુ થયેલ છે તે રજુ કરેલ છે.

(૫) હાલના કામે અરજદાર તરફે અન્ય કોર્ટોના ચુકાદાઓ રજુ કરેલા છે. જે તમામ વંચાણે લીધા પરંતુ તે કેસની હકીકત અને હાલના કેસની હકીકત અલગ અલગ હોય આ ચુકાદા હાલના કેસને લાગુ પાડી શકે તેમ નથી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં અરજદારની જન્મ તારીખમાં સુધારો, દતક ગ્રહણ દવારા નામ ફેરફાર થયેલ હોય તો તેમાં સુધારો કરવાની સત્તા અત્રેની અદાલતને છે પરંતુ હાલની

અરજીમાં અરજદારા દવારા જે સુધારો થવા માંગણી કરેલ છે તે સુધારો કરવાની સત્તા અત્રેની અદાલતને આપવામાં આવેલ નથી. તે જ રીતે ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન અધિનિયમ ૧૯૭૪ ના પ્રબંધો હેઠળ નિયમ ૧૨–એ (૫) વંચાણે લેવામાં આવે તો આવો સુધારો કરવાની સતા અત્રેની અદાલતને આપવામાં આવેલ નથી. જેથી અરજદારે જે સુધારો થવા માંગણી કરેલ છે તે મુજબનો સુધારો કરવાની સતા  હાલની અદાલતને સતા ન હોઈ અરજદારની અરજી મંજુર કરવી ન્યાયિક જણાતી ન હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદારની હાલની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ. ૦૧ , માહે– જુલાઇ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા: ૦૧/૦૭/૨૦૨૬
ભુજ–કચ્છ.

(જયોતિ વિરાટભાઇ બુધ્ધ)
બીજા અધિક ચીફ જયુ.મેજી.
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૧૭૯